પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૮ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ઉત્તરપ્રદેશમાં પ્રથમ તબક્કાનું મતદાન

## પશ્ચિમ યુપીના ૧૧ જિલ્લાની ૫૮ બેઠકો પર મતદાન યોજાશે : મુજફ્ફરનગર અને મથુરા બેઠક પર સૌથી વધુ ૧૫-૧૫ ઉમેદવાર : અલીગઢની ઈગલાસ બેઠક પર પાંચ ઉમેદવારો મેદાનમાં



લખનૌ, તા.૯

ઉત્તર પ્રદેશના પ્રથમ તબક્કામાં પશ્ચિમ યુપીના ૧૧ જિલ્લાની ૫૮ બેઠકો પર ૬૨૩ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ ૧૦મીએ ખેલાશે. જાટ અને મુસ્લિમ તથા દલિત, બ્રાહ્મણ જાતિના વર્ચસ્વવાળા વિસ્તારમાં યોજાનાર મતદાન માટે બંને ગઠબંધન એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. છેલ્લી ઘડીના પ્રચારમાં સપાના સમર્થનમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સભાઓ અને પત્રકાર પરિષદો સંબોધી હતી.

જ્યારે પ્રધાનમંત્રી મોદીની વર્ચ્યુલ રેલી તથા અમીત શાહની રેલીનો પ્રભાવ પણ ઠીક ઠીક પ્રમાણમાં વર્તાતો હતો. ૧૦મીએ યોજાનાર મતદાનના ૧૧ જિલ્લામાં ખેડૂત આંદોલન સાથે સંકળાયેલા જાટ જ્ઞાતિ વ્યાપક પ્રમાણમાં હોવાથી અહીં ભાજપ - સપા માટે પ્રતિષ્ઠાનો જંગ ખેલાઈ રહ્યો છે. ૫૮ બેઠકો પૈકી ૯ બેઠકો અનામત વર્ગમાં અનામત રખાયેલી છે.

શામલીની ૩, મુજફ્ફર નગરની ૬, મેરઠની ૭, બાગપતની ૩, ગાજીયાબાદની પાંચ, હાપુડની ૩, ગૌતમબુદ્ધનગરની ૩, બુલંદશહેરની ૭, અલીગઢની ૭,

● અનુસંધાન પાન-૭ પર

# મેઘાલયમાં કોંગ્રેસ-ભાજપ એક જ ગઠબંધનમાં

**એક-બીજા કટ્ટર ભાજપ-કોંગ્રેસ એક રાજ્યમાં સાથે : પાંચ કોંગ્રેસ ધારાસભ્યોએ એનપીપીના નેતૃત્વવાળા ગઠબંધનને સમર્થન આપ્યું જેમાં ભાજપ ભાગીદાર છે**

શિલોંગ, તા.૯

કહેવાય છે કે રાજકારણમાં કંઈ પણ શક્ય છે. પણ શું કોઈએ વિચાર્યુ છે કે, દેશમાં બે સૌથી મોટી પાર્ટીઓ કોંગ્રેસ અને ભાજપ એક સાથે ગઠબંધનમાં ચાલે. હકીકતમાં જોઈએ તો, બે કટ્ટર હરીફ, કોંગ્રેસ અને ભાજપ મેઘાલયમાં હવે એક જ ગઠબંધનમાં છે. મેઘાલયમાં કોંગ્રેસ પાર્ટીના નેચા એમ્પીયરન લિંગદોહના નેતૃત્વમાં તમામ પાંચ કોંગ્રેસ ધારાસભ્યોએ મુખ્યમંત્રી કોનરાડ સંગમાની નેશનલ પીપુલ્સ પાર્ટી અથવા એનપીપીના નેતૃત્વવાળા ગઠબંધનને સમર્થન આપ્યું છે. જેમાં ભાજપ પણ ભાગીદાર છે.

લિંગદોહે કહ્યું કે, કોંગ્રેસ નેતાઓએ સંગમાને મેઘાલય ડેમોક્રેટિક એલાયંસ અથવા એમડીએમાં શામેલ થવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસના તમામ પાંચ ધારાસભ્યોએ આજે સંગમા સાથે મુલાકાત કરી અને તેમને પોતાનું સમર્થન પત્ર આપ્યું. એનપીપી અને કોંગ્રેસ પરંપરાગત હરીફ હતા. પણ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસના ૧૨ ધારાસભ્યો શામેલ થયાં બાદ બંને પાર્ટીઓ નજીક આવી ગઈ છે.

કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા લિંગદોહે પત્રકારોને કહ્યું કે, અમે કોનાર્ડના સંગમાના નેતૃત્વવાળા એમડીએને પોતાનું સમર્થન આપ્યું છે અને આજે અમે સરાકરને મજબૂત કરવા માટે ગઠબંધનમાં શામેલ થઈ ગયા છીએ. અમે સીએલપી સભ્યોને સમર્થન પત્ર પર હસ્તાક્ષર કર્યા અને તેને મેઘાલયના મુખ્યમંત્રીએ આપ્યું છે.

# દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વરસાદ પડ્યો

## પશ્ચિમી હિમાલયી ક્ષેત્રો અને ઉત્તર પશ્ચિમ ક્ષેત્રોના મોટા ભાગના વિસ્તારોમાં ૧૦ ફેબ્રુઆરીએ વરસાદની શક્યતા

નવી દિલ્હી, તા.૯

ભારતીય હવામાન વિભાગના પૂર્વાનુમાન પ્રમાણે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ૮ ફેબ્રુઆરીની મોડી રાતથી વરસાદ થઈ રહ્યો છે. ગત રાત્રિથી વરસી રહેલા હળવા વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગે આજે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં હળવાથી લઈને ગાજવીજ સાથેના વરસાદની શક્યતા દર્શાવી છે અને પવનની ગતિ વધવાનું પણ અનુમાન છે.



આઈએમડીના અહેવાલ પ્રમાણે દિલ્હીમાં ૨૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાશે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે પશ્ચિમી હિમાલયી ક્ષેત્રો અને ઉત્તર પશ્ચિમ ક્ષેત્રોના મોટા ભાગના વિસ્તારોમાં ૯ અને ૧૦ ફેબ્રુઆરીના રોજ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ દરમિયાન તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાશે.

આઈએમડીના અહેવાલ પ્રમાણે ઉત્તરી પાકિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં પશ્ચિમી વિક્ષોભના કારણે ચક્રવાતીય દબાણ દરિયાની સપાટીથી ૩.૧ કિમી ઉપર સુધી ઉઠ્યું છે માટે ઉત્તર ભારતમાં વરસાદનો પ્રભાવ જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઓમિક્રોન બાદનો નવો વેરિયન્ટ વધુ જોખમી હશે

## લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે કે કોરોના ગાઈડલાઈન્સનું સારી રીતે પાલન કરવું જોઈએ, આમ ના કરવાથી સ્થિતિ વધારે કપરી બની શકે છે

જીનિવા, તા.૯

હાલ દુનિયાભરમાં કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનના લીધે નવા કેસમાં વધારો થયો છે. ભારતમાં સ્થિતિ બેકાબૂ બન્યા બાદ હવે ત્રીજી લહેર નબળી પડતી દેખાઈ રહી છે. આવામાં હજુ એક નવા વેરિયન્ટની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ડબલ્યૂએચઓજણાવે છે કે ઓમિક્રોન વેરિયન્ટ છેલ્લો વેરિયન્ટ નથી, આના પછીનો વેરિયન્ટ વધારે સંક્રમિત કરનારો હોઈ શકે છે. આવામાં લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે કે કોરોના ગાઈડલાઈન્સનું સારી રીતે પાલન કરવું જોઈએ, આમ ના કરવાથી સ્થિતિ વધારે કપરી બની શકે છે.

ડબલ્યૂએચઓના કોવિડન-૧૯ ટેક્નિકલ લીડ, મારિયા વેન કેરખોવ જણાવે છે કે, ઓમિક્રોન છેલ્લો વેરિયન્ટ નથી, તમને અમને આ મુદ્દે બોલતા સાંભળશો. આગામી વેરિયન્ટ વધારે શક્તિશાળી હોઈ શકે છે, અમારો કહેવાનો મતલબ એવો છે કે આગામી વેરિયન્ટ વધુમાં વધુ લોકોને સંક્રમિત કરશે કારણ કે હાલના વેરિયન્ટને તે પાછળ છોડીને આગળ નીકળી જશે. મોટો સવાલ એ છે કે નવો વેરિયન્ટ વધારે ગંભીર હશે કે નહીં તે ભવિષ્યમાં ખ્યાલ આવશે.

આ સિવાય ડબલ્યૂએચઓદ્વારા એમ પણ જણાવવામાં આવ્યું છે કે, એવી પણ સંભાવના છે કે નવો વેરિયન્ટ હાલ કરતા વધારે ઘાતક સાબિત થઈ શકે, હાલની રસી તેની સામે સક્ષણ આપવામાં સક્ષમ સાબિત ના થઈ શકે, ત્યાં સુધી કે ગંભીર બીમારી અને મોતથી બચવા માટે રસી ઉપયોગી પણ સાબિત થઈ શકે છે, માટે ઝડપી રસીકરણ કરવામાં આવે તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રકારની સ્થિતિ ઉભી ના થાય તે માટે આપણે વાયરસ ઓછો ફેલાય તેની કાળજી રાખવી જોઈએ.

મારિયાએ આગળ કહ્યું કે, અમને લાગે છે કે યોગ્ય હસ્તક્ષેપના કારણે કોરોનાના વધતા કેસને હળવા કરી શકાય તેમ છે. પરંતુ આ સ્થિતિમાં પણ જેમણે રસી નથી લીધી કે જેમની રોગપ્રતિકારક શક્તિ નબળી છે તેમના માટે વાયરસ ઘાતક સાબિત થઈ શકે છે.

તેમણે એવી પણ ચેતવણી આપી છે કે, દુનિયા કોરોનાના વધતા કેસની સિઝનલ પેટર્ન પર પણ નજર કરી શકે છે, કારણ કે આ વાયરસ શ્વાસની તકલીફ ઉભી કરે છે.

# તેલંગણામાં પ્રધાનમંત્રી મોદીના નિવેદનને પગલે ઉગ્ર દેખાવો

## કોંગ્રેસના શાસનમાં આંધ્રનું વિભાજન ખોટી રીતે થયું : તેલંગાણામાં સત્તાધારી ટીઆરએસ પાર્ટીના રાજ્યવ્યાપી દેખાવો, તમામ ધારાસભ્યો અને મંત્રીઓ રસ્તા પર ઉતર્યા



હૈદરાબાદ, તા.૯

સંસદમાં પીએમ મોદીએ યુનાઈટેડ આંધ્ર પ્રદેશના વિભાજન પર આપેલા નિવેદન બાદ તેલંગાણામાં ઠેર ઠેર ભારે દેખાવો થઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસની સરકારના સમયે આંધ પ્રદેશનુ વિભાજન ખોટી રીતે થયુ હતુ. એ પછી તેલંગાણામાં સત્તાધારી ટીઆરએસ પાર્ટીએ રાજ્યવ્યાપી દેખાવો શરુ કર્યા છે.તમામ ધારાસભ્યો અને મંત્રીઓ રસ્તા પર ઉતર્યા છે.હૈદ્રાબાદમાં ટીઆરએસના કાર્યકરોએ પીએમ મોદીના પૂતળાને આગ ચાંપી હતી. એક સ્થળે ટીઆરએસના નેતાઓ અને કાર્યકરોએ બાઈક રેલી કાઢી હતી અને આ દરમિયાન ભાજપના નેતાઓ અને કાર્યકરો સાથે તેમની અથડામણ થઈ હતી.

તેલંગાણાના ગૃહ મંત્રી મહેમૂદ અલીએ પણ હૈદ્રાબાદમાં પીએમ મોદીના પૂતળુ સળગાવવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.તેમણે કહ્યુ હતુ કે, જ્યારે તેલંગાણા બન્યુ ત્યારે પીએમ મોદી ગુજરાતના સીએમ હતા અને તેમને આ અંગે કશી ખબર નથી.તેલંગાણા માટે ૧૨૦૦ લોકોએ પોતાના જીવ આપ્યા છે.ભાજપ હમેશા તેલંગાણાની વિરોધી રહી છે. અન્ય એક મંત્રીએ કહ્યુ હતુ કે, પીએમ મોદીએ તેલંગાણાના લોકોની માફી માંગવી જોઈએ.

# પંજાબમાં અકસ્માતમાં ઘાયલ યુવકને ઊઠાવી સોનુ સુદ દોડ્યો

**ગાડીમાંથી યુવકને બહાર કાઢીને ઉપાડીને પોતાની ગાડીમાં અભિનેતા હોસ્પિટલ લઈ ગયો, યુવક બચી ગયો**

મોગા, તા.૯

અભિનેતા સોનૂ સૂદ ફરી એક વખત મસીહા બનીને સામે આવ્યો છે. સોનૂએ રોડ એક્સિડેન્ટમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક યુવકનો જીવ બચાવ્યો હતો. પંજાબના મોગા-બઠિંડા રોડ પર મોડી રાતે અકસ્માતની ઘટના બની હતી. રસ્તા પર ૨ ગાડીઓ વચ્ચે જોરદાર અથડામણ થયા બાદ એક યુવક ગાડીમાં ગંભીર રીતે ફસાઈ ગયો હતો. તે વખતે સોનૂ પોતાની ગાડીમાં ક્યાંક જઈ રહ્યો હતો. એક્સિડેન્ટ અંગે જાણ થતાં જ સોનૂ ગાડીમાંથી નીચે ઉતરી આવ્યો હતો અને યુવકનો જીવ બચાવ્યો હતો. સોશિયલ મીડિયામાં આ ઘટનાનો એક વીડિયો પણ ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, ખૂબ જ ભયંકર રીતે ઘાયલ એક યુવાન ગાડીમાં ફસાયેલો છે અને તે વખતે સોનૂ પોતાની ગાડી રોકીને મદદ કરવા પહોંચી જાય છે. સોનૂએ ગાડીનો દરવાજો ખોલીને યુવકને બહાર કાઢ્યો હતો અને બાદમાં પોતાના ખોળામાં ઉઠાવીને દોડ્યા હતા. સોનૂ તે યુવકને પોતાની ગાડીમાં હોસ્પિટલ લઈ ગયો હતો અને સમયસર સારવાર મળી જવાના કારણે તે યુવકનો જીવ બચી ગયો હતો.

# અલકાયદા સાથે સંકળાયેલા યુપીમાં એક આતંકીની ધરપકડ

**મતદાનની પહેલા NIA ને મળી મોટી સફળતા : ધરપકડ કરાયેલો આતંકી બડગામનો રહીશ છે અને તેના પર લખનૌમાં વિસ્ફોટનું ષડયંત્ર રચવાનો આરોપ**

લખનૌ,તા.૯

ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે ૧૦ ફેબ્રુઆરીએ પહેલા તબક્કાનું મતદાન થાય તે પહેલા રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વૈંછ ને મોટી સફળતા મળી છે અને એજન્સીએ મતદાનની બરાબર પહેલા જ અલકાયદા સાથે સંકળાયેલા એક આતંકીની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલો આતંકી તૌહીદ અહેમદ શાહ જમ્મુ કાશ્મીરના બડગામ જિલ્લાનો રહીશ છે અને તેના પર લખનૌમાં ઈદ્ઘ વિસ્ફોટનું ષડયંત્ર રચવાનો આરોપ છે. કહેવાય છે કે સંદિગ્ધ આતંકી અલ કાયદા સાથે જોડાયેલો છે. ધરપકડ કરાયેલા સંદિગ્ધ આતંકી તૌહીદ અહેમદ શાહ અંસાર ગઝવતુલ હિન્દના નામ પર આતંકી હુમલાને અંજામ આપવા માટે યુવાઓની ભરતી કરી રહ્યું હતું. અંસાર ગઝવાતુલ હિન્દ અલ કાયદા સાથે જોડાયેલું સંગઠન છે. તૌહિદ આ સમગ્ર ભરતી પ્રક્રિયાનો માસ્ટર માઈન્ડ હતો અને તે યુપીમાં આતંકી હુમલાને અંજામ આપવા માટે હથિયાર, ગોળા બારૂદ અને વિસ્ફોટક સામગ્રી ખરીદતો હતો. આ મામલે યુપી એટીએસએ લખનૌના ગોમતીનગર પોલીસ મથકમાં ૧૧ જુલાઈ ૨૦૨૧ના રોજ એફઆઈઆર દાખલ કરી હતી. અને તે દરમિયાન ૫ આરોપીઓની ધરપકડ થઈ હતી. જેમના વિરુદ્ધ ૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ચાર્જશીટ પણ દાખલ થઈ. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં પોલીસ અને સુરક્ષાદળો સતત આતંકીઓ માટે કાળ બનેલા છે. તેમના દરેક ષડયંત્ર નિષ્ફળ કરવા માટે પોલીસ દિવસ રાત ઓપરેશન ચલાવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી

**રાણા જશુભા પીરૂભા**

(પૂર્વ પ્રમુખ, જીલ્લા પંચાયત, ગાંધીનગર)
તા. ૭/૨/૨૦૨૨ને સોમવારના રોજ રામશરણ પામેલ છે.

**સદ્‌ગતનું બેસણું / સુંવાળા**

તા. ૧૧/૨/૨૦૨૨ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન રાખેલ છે.

રઘુકુળ ફાર્મ, મુ. ધણપ, તા.જી. ગાંધીનગર
સંપર્ક : ૯૮૯૮૭૦૪૬૯૦, ૯૮૯૮૬૧૭૫૬૧

રાણા મનમિતસિંહ યુવરાજસિંહ
રાણા વિધમાનસિંહ વનરાજસિંહ
રાણા માન્યવરસિંહ વિરાજસિંહ
રાણા યુવરાજસિંહ જશુભા
રાણા વનરાજસિંહ જશુભા
રાણા વિરાજસિંહ જશુભા